**Paper Code - 3669**

## B.R.S. Semester-III
## July-September - 2021
## Core-07 : Animal Husbondary & Dairy Science (Animal Feeding)

કુલ સમય :– : ૩૦ મીનીટ                કુલ પ્રશ્નો : ૩૫                વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૧૮

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૧૮ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૧૮ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

(૧) ઉત્તમ પ્રકારનું સાયલેજ કયા વર્ગના ઘાસચારામાંથી બને છે ?
(A) અનાજવર્ગ (B) કઠોળવર્ગના (C) તેલીબીયા વર્ગના (D) કંદવર્ગના

(૨) લીલા/સૂકા ભાસચારાનું ચાફીંગ કરવા માટે કયા સાધનનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) કુહાડી (B) દાતરડું (C) ચાફકટર (D) પાવડો

(૩) જુવારના કૂણા લીલા ઘાસચારામાં કયું ઝેરી તત્વ રહેલું હોય છે ?
(A) હાઈડ્રો સાયનીક એસિડ (B) લેકટીક એસિડ (C) બ્યુટારીક એસિડ (D) સલ્ફયુરિક એસિડ

(૪) દુધાળા જાનવરને દૂધ ઉત્પાદનના કેટલા ટકા ખાણદાણ ખોરાકમાં આપવું જરૂરી છે ?
(A) ૨૦ ટકા (B) ૩૦ ટકા (C) ૫૦ ટકા (D) ૬૦ ટકા

(૫) પુખ્ત જાનજવરના ખોરાકમાં અનાજવર્ગનો ચારો અને કઠોળ વર્ગનો ચારાનું પ્રમાણ કેટલું રાખવું જરૂરી છે ?
(A) ૨૦ : ૮૦ (B) ૬૦ : ૪૦ (C) ૩૦ : ૭૦ (D) ૩૫ : ૬૫

(૬) દુધાળ ગાય ભેંસને દૈનિક પોતાના વજનના કેટલા ટકા લીલો ખોરાક આપવો જોઈએ ?
(A) ૨૦ ટકા (B) ૩૦ ટકા (C) ૪૦ ટકા (D) ૧૦ ટકા

(૭) આખા વર્ષ દરમીયાન લીલા ઘાસચારાની સૌથી વધારે અછત કઈ ઋતુમાં રહે છે ?
(A) શિયાળો (B) ઉનાળો (C) ચોમાસું (D) અન્ય

(૮) મકાઈનું બિયારણ એક હેકટરે કેટલું જોઈએ ?
(A) ૩૦ થી ૪૦ કિ.ગ્રા. (B) ૪૦ થી ૫૦ કિ.ગ્રા. (C) ૫૦ થી ૬૦ કિ.ગ્રા. (D) ૬૦ થી ૭૦ કિ.ગ્રા.

(૯) સૂકા ઘાસચારાની સંગ્રહની ઉત્તમ પધ્ધતિ કઈ છે ?
(A) ઓગલી (B) પગરી (C) પાથરા (D) ગોડાઉન

(૧૦) નીચેનામાંથી કયો ઘાસચારો કંદ વર્ગનો છે ?
(A) સૂર્ય મુખી (B) રજકો (C) ગાજર (D) મકાઈ

(૧૧) તાજી વિયાયેલ ગાય ભેંસને દૈનિક કેટલા ગ્રામ મિઠું ખોરાકમાં આપશો ?
(A) ૧૦ થી ૧૫ ગ્રામ (B) ૨૦ થી ૨૫ ગ્રામ (C) ૩૦ થી ૪૦ ગ્રામ (D) ૪૦ થી ૫૦ ગ્રામ

(૧૨) પશુઓની ભુખ સંતોષવા ખરો ખોરાક કયો છે ?
(A) ખાણદાણ (B) ઘાસચારો (C) પશુઆહાર (D) ખોળ

(૧૩) વાગોળતા પશુઓને પોતાના શરીરમાં શાની ઉણપ જણાતી નથી ?
(A) પ્રજિવક બી સમુહની (B) પ્રજિવક એ સમુહની (C) પ્રજિવક કે સમુહની (D) પ્રજિવક સી સમુહની

(૧૪) પશુને કપાસીયાની પાપડી (ખોળ) ખવડાવવાથી સૌથી વધારે કયો પદાર્થ મળે છે ?
(A) ગ્લુકોઝ (B) પ્રોટીન (C) તૈલી (D) ક્ષારો

(૧૫) સૂકા ઘાસચારાની કાપણીની યોગ્ય અવસ્થા કઈ છે ?
(A) ૫૦ ટકા ફુલ અવસ્થા (B) દૂધિયા દાણા (C) પાકટ અવસ્થા (D) ડૂંડા અવસ્થા

(૧૬) લીલા ઘાસચારમાં સૌથી વધારે શાનું પ્રમાણ રહેલ હોય છે ?
(A) સેલ્યુલોઝ (B) પ્રોટીન (C) તૈલી (D) ક્ષારો

(૧૭) રજકા બાજરી કયા વર્ગનો ઘાસચારો છે ?
(A) જડીયાવર્ગનો (B) અનાજવર્ગનો (C) કંદ વર્ગનો (D) તેલીબીયા વર્ગનો

(૧૮) ઉત્તમ પ્રકારનું સાયલેજ બનાવવા કયા બેકટેરીયા જવાબદાર છે ?
(A) ફોસ્ફેટ (B) એઝેટો બેકટેરીયા (C) લેકટીક એસિડ (D) બ્યુટારીક એસિડ

(૧૯) ચોમાસુ ઘાસચારાની વાવણી સમય કયો હોય છે ?
(A) ૧૫ જૂન થી ૧૫ જુલાઈ (B) ૧૫મી ઓકટોમ્બરથી ૧૫ નવેમ્બર (C) ૧૫ ફેબ્રુ.થી માર્ચ (D) ગમે ત્યારે

(૨૦) ગૌચરની સજીવ વાડ બનાવવા માટે કયા પ્રકારના છોડનો ઉપયોગ કરવો જોઈએ ?

(A) બોરડી (B) ડિંડલા થોર (C) ગાંડા બાવળ (D) કંથેર

(૨૧) સિરાટ્રો કયા વર્ગનો ઘાસચારો છે ?

(A) અનાજવર્ગ (B)કઠોળ વર્ગ (C) તેલીબીયા વર્ગ (D) કંદવર્ગ

(૨૨) બિન પ્રચલીત ઘાસચારા તરીકે કયો ઘાસચારો જાણીતો છે ?

(A) ઝીંઝવો (B) શેરડી (C) ઘરૂ (D) શિઢો

(૨૩) સાયલો બેગમાં સાયલેજ ભરતી વખતે કેટલા ટકા ખાલી રાખવામાં આવે છે ?

(A) ૧૦ ટકા (B) ૨૦ ટકા (C) ૩૦ ટકા (D) ૪૦ ટકા

(૨૪) રતાંધળાપણું રોગ કયા પ્રકારના પ્રજિવકની ખામીથી થાય છે ?

(A) પ્રજિવક બી (B) પ્રજિવક એ (C) પ્રજિવક સી (D) પ્રજિવક ડી

(૨૫) વાછરડીની કેટલી ઉંમર પછીના સમયગાળા દરમિયાન વોડકી કહેવાય છે ?

(A) ૬ માસ (B) ૧૨ માસ (C) ૧૧ માસ (D) ૨ માસ

(૨૬) કુવાડીયાના દાણામાંથી પશુના ખોરાકમાં શું બનાવીને ઉપયોગ કરવામાં આવે છે ?

(A) ખાણદાણ (B) પશુ આહાર (C) ભરડો (D) ખોળ

(૨૭) પશુઓ સૌથી વધારે પશુપાલકને શું આપે છે ?

(A) દૂધ (B) છાણ (C) પેશાબ (D) લાળ

(૨૮) ૧ કિ.ગ્રા. સૂકો ચારો બનાવવા માટે કેટલા કિ.ગ્રા. લીલો ચારો જોઈએ ?

(A) ૨ કિ.ગ્રા. (B) ૩ કિ.ગ્રા. (C) ૪ કિ.ગ્રા. (D) ૫ કિ.ગ્રા.

(૨૯) ઓટના લીલા કૂણા ઘાસચારામાં કયું ઝેરી તત્વ રહેલ હોય છે ?

(A) નાઈટ્રેટ (B) ઓગ્લીબેટ (C) માઈમોસીન (D) સોયાબીન

(૩૦) ચારા ખેતી કરવાથી જાનવરના કુલ ઉત્પાદનના કેટલા ટકા ખોરાકી ખર્ચમાં ઘટાડો કરી શકાય છે ?

(A) ૨૦ થી ૩૦ ટકા (B) ૪૦ થી ૫૦ ટકા (C) ૫૦ થી ૬૦ ટકા (D) ૭૦ થી ૮૦ ટકા

(૩૧) ગુજરાત રાજયમાં ચારા ખેતી કેટલા ટકા કરવામાં આવે છે ?

(A) ૨ ટકા (B) ૫ ટકા (C)૬ ટકા (D) ૯ ટકા

(૩૨) ઈકકડ અને શેવરીનો ઘાસચારો કયા વર્ગનો છે ?

(A) અનાજવર્ગ (B) કંદવર્ગ (C)કઠોળવર્ગ (D) તેલીબીયા વર્ગ

(૩૩) ઉત્તર ગુજરાતમાં ઘાસચારા સંશોધન કેન્દ્ર કયાં આવેલ છે ?

(A) દાંતિવાડા (B) મહેસાણા (C) વડાલી (D) પાલનપુર

(૩૪) ગૌચરમાં પાણીના સંગ્રહ માટે શું બનાવવું જરૂરી છે ?

(A) ધોરીયા (B) પાણીના ટાંકા (C) ખેત તલાવડી (D) સરેડવા

(૩૫) સુબાબુલ કયા વર્ગનો ઘાસચારો છે ?

(A) કઠોળ વર્ગ (B) અનાજવર્ગ (C) તેલીબીયા વર્ગ (D) કંદવર્ગ